[illegible]माख्यान अने मूळपुरुष.

ए बे ग्रंथो:

પુષ્ટી મારગી વૈષ્ણવોને સારૂ ખાસ
પ્રત સાથે મેળવી શુદ્ધ કરી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
બુકસેલર, જેઠાલાલ હરજીવન.

દોહરો.

વલ્લભને દુર્લભ સદા, સઘળી જાકે હાથ;
જંગલમેં મંગલ કરે, બાબા વિઠ્ઠલનાથ.

અમદાવાદ—વિજય પ્રવર્તક પ્રેસ.

સંવત, ૧૯૪૮. સને ૧૮૯૨.

કીમત ૦-૨-૦

ગ્રંથ કર્ત્તાની ઓળખાણ.

વૈષ્ણવ ધર્મ આ દેશમાં બહુજ ફેલાયોછે. પણ દિનપરદિન તેની પડતી દશા આવતી જાયછે.

વૈષ્ણવ ધર્મને પ્રવૃત્તિમાં લાવનાર શ્રી આચાર્યજી માહાપ્રભુજી, તથાશ્રીગોસાંઇજીછે. તેમણે તેમના વંશજો, તથા તેમના ભકતોએ તેમના ધર્મ વિષે કેટલાક ગ્રંથો લખ્યા છે, વલ્લભાખ્યાન ગ્રંથનો કર્ત્તા ગોપાળદાસ નામે વૈષ્ણવ છે, અમદાવાદથી એક માઇલ ઉપર અસારવા નામે ગામછે, તેમાં ભાઇલા કોઠારી નામે એક વૈષ્ણવ શ્રી ગોસાઇજીનો સેવક (હાલ જે શ્રી આચાર્યજીની બેઠક કહેવાયછે તે જગામાં) રહેતો હતો, તેને ગંગા નામે દિકરી હતી, તેની સાથે ગોપાળદાસનો વિવાહ હિંદુઓના પરંપરાનો રીતિ પ્રમાણે બાળપણામાં થયો હતો, પણ પાછળથી ગોપાળનાથો બોલાતુંજ નથી, એમ જણાયું હતું. તે ગોપાળદાસને કોઠારી પોતાને ઘેર રાખતા હતા. એક સમે ગુસાંઇજી, એ ભાઇલા કોઠારીને ત્યાં પધારયા, અને ગોપાળદાસને આવી અવસ્થામાં જોઇ કોઠારીને પુછયું કે, આ કોણ છે ? કોઠારીએ કહ્યું જે એ ગંગાનો વરછે. શ્રી ગોસાં-

ઇજીએ કહ્યું કે, ગંગાનો વર તો સાગર જોઇએ. કોઠારીએ કહ્યું, જે આપની ઇચ્છા. આ પ્રમાણે થયા પછી એક વખત શ્રી ગોસાંઇજીએ ભોજન કરી ઉઠી, પાનબીડું ખાતાં ખાતાં ગોપાળદાસને બોલાવી મોઢું ઉઘાડવા કહ્યું. ગોપાળદાસે મોઢું પોહોળું કર્યું, એટલે શ્રી ગોસાંઇજીએ પોતાના મોઢામાંથી બીડાનો ઓગાળ મોઢાવતી તેમાં નાખ્યો, ત્યારથીજ ગોપાળદાસની વાચા નિર્મળ થઇ, અને તે પરમ વૈષ્ણવ થયા. પછી તેજ ગોપાળદાસને મોઢેથી એજ મકાનમાં રહી આ વલ્લાભાખ્યાન ગ્રંથ શ્રી ગુસાંઇજીએ કરાવ્યો. આ ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી, શ્રી ગોસાંઇજી, તથા તેમના સર્વ પુત્ર, પુત્રી અને તેમની સ્ત્રીઓનાં નામ, ગુણનું વર્ણન છે. માત્ર શ્રી ગુસાંઇજીની સ્ત્રીઓનાં નામ કે ગુણ તેમાં નથી. તેનું કારણ એવું કહેવાય છે કે, શ્રી ગુસાંઇજીએ પોતે ગોપાળદાસના હૃદયમાં પ્રવેશિત થઇ આ વલ્લભાખ્યાનનો ગ્રંથ કરેલોછે. હિંદુશાસ્ત્રમાં પુરૂષે પોતાની સ્ત્રીનું નામ મોઢે બોલવાની મનાઇ કરી છે તેથી શ્રી ગુસાંઇજીએ પોતાની સ્ત્રીઓનાં નામ તેમાં લીધાં નથી.

મુળ પુરૂષ ગ્રંથના કર્ત્તા તેના છેલ્લા પદ ઉપરથી શ્રી દ્વારકેશજી મહારાજ જણાય છે.

મૂળ પુરૂષથી વંશાવળી.

તૈલંગ બ્રાહ્મણ યજુર્વેદી તૈત્રીશાખી ભારદ્વાજ ગોત્રી નારાયણ સોમયાગી મુળ પુરૂષ.

તેના પુત્ર ગંગાધર સોમયાગી.

,, ગણપતી સોમયાગી.

,, વતર સોમયાગી.

		જન્મ દિવસ.
,, લક્ષ્મણ સોમયાગી.	સંવત.	મિતિ.
	૧	૨
,, વલ્લભાચાર્યજી............	૧૫૩૫	વૈશાખ વદી ૧૧
૧ ગોપીનાથજી.........	૧૫૬૭	આસો વદી ૧૨
૧ પુરૂષોત્તમજી..........	૧૫૮૭	આસો વદી ૮
	૩	
૨ વિઠ્ઠલનાથજી	૧૫૭૨	પોષ વદી ૯
૧ ગિરિધરજી	૧૫૭૨	કારતક શુદી ૧૨
૨ ગોવિંદરાયજી	૧૫૯૯	માગસર વદ ૧૪
૩ બાળકૃષ્ણજી	૧૬૦૬	આસો વદી ૧૩
૪ ગોકુળનાથજી	૧૬૦૮	માગસરસુદ ૭
૫ રઘુનાથજી	૧૬૧૧	કારતકશુદી ૧૨
૬ યદુનાથજી	૧૬૧૩	ચૈત્રશુદી. ૬
૭ ઘનશ્યામજી	૧૬૨૮	માગસરવદી. ૧૩

૧ શ્રી આચાર્યજી મહાપ્રભુજી. ૨ પુનમથી મહિનો બદલવાની વ્રજમાં રીતછે, તે પ્રમાણે લખ્યાંછે, આ દેશમાં અમાંસથી મહિના બદલવાની રીત છે, તેથી જયાં વદી લખી છે ત્યાં આ દેશમાં તેની પાછળનો મહિનો લેવો. જેમ વઇશાખ છે. ત્યાંહી ચઇત્ર લેવો, ૩ શ્રી ગુસાંઇજી.

अथ श्री वल्लभाख्यान लिख्यते.

પહેલું મીઠું.

રાગ કેદારો.

(દોઢ પોહોર રાત્રિએ ગવાય છે.)

વંદૂ શ્રી વીઠ્ઠલવર સુંદર, નવઘનશ્યામ તમાલ;
જગતી સ્થળ ઉદ્ધાર કરવા, પ્રગટચા શ્રીપરમદયાળ.
શ્રી પુરૂપોત્તમ સ્વતંત્ર ક્રિડા, લિલાદ્ધીજ તનુંધારી;
સાત દિવસ ગીરિવર કર ધરચો, વાસ વૃષ્ટિ નિવારી.
તે પ્રગટચાનું કારણ કહિયે, જો શ્રોતા મન આણો,
કરો કૃપા હું કરૂં વિનતી પોતાના કરી જાણો. ૩
વ્યાપક રૂપ અદ્વૈત બ્રહ્મ જે, તેજોમય કહેવાય;
આરજ પંથ અધિકારી મુનીજન, તે માંહે લય થાય. ૪
અક્ષર આદ્ય અખંડ અનુપમ, ઉપમા કહી નવ જાય;
અસ્તુઅસ્તુસઉકો મળી બોલે, નિગમ નેતિનેતિ ગાય.
નિર્ગુણનો નિરદોષ અટપટો, રસના શી પેરે કહીયે;

રૂપવંર્ણ વપુદ્રષ્ટ પદારથ, તહાં એકો નવ લહિયે. ૬
તે થકી પુરૂષોત્તમ અળગા, લિલા અચળ વિહાર;
બ્રહ્માજ્ઞાનીને મુક્તિ મારગી, સ્વપ્ને નહિં વ્યવહાર. ૭
જહાંશ્રી વૃંદાવનઆદિઅચળ, શશિશરદરેણુ બહુ વેષ;
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, શર્શે રંગ વિશેષ. ૮
જ્યાંસરીતાચાંમોકરમણીગણ, ઉભય બંધ સો પાનઃ
કમળ કમોદનાના અલી સુંદર, મધુર કરે ત્યાં ગાન. ૯
કનક લતા માલતો મલ્લીક, વિવિધ કુસુમ મકરંદ;
શિતળ પવન ઝકોરે લેહેરે, સ્પર્શે અતિ આનંદ. ૧૦
પદ્મ રાગ મરકત મણિ સ્ફાટિક, શ્રી ગોવર્ધન સોહે;
બ્રહ્મ રૂદ્ર ત્યાં કોણ બાપડા, શ્રી હરિનું મન મોહે. ૧૧
નાના પક્ષી શબ્દ માધુરી, શોભા તણો નહિં પાર;
વિવિધ પ્રકારે જુજવા કેહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨
શ્યામા શતદળ નયન સુંદરી, જુથ તણો નહિં પાર;
અનેકરાસ મંડળરચના રચી, ખેલે શ્રી નંદકુમાર. ૧૩
એણીપેરે નિત્ય નવલી લીલા, ઘોખ વાદ ઝંકાર;
અંગ સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર. ૧૪
તે પ્રભુને મન ઇચ્છા ઉપની, જશ થાવા વિસ્તાર;
અધિકારી પાખે એ વાણિ, નહિં કોને ઉચ્ચાર. ૧૫
ભૂભૃગથી સ્રષ્ટી નિપની, અતા સુંદર બ્રહ્માંડ;
ચૌદ લોક નાના વિચિત્રિત, ભુમંડળ નવ ખંડ. ૧૬

પર પોતાની વ્યક્ત કરેવા સ્રષ્ટીને દીધા પ્રકાર;
દૈવી આસુરી બે ઉપજાવવી, પ્રભુમન કરી વિચાર. ૧૭
ભક્તિ સુંદરી માયા દાસી, બે મુર્ત્તિ પ્રગટાવી;
તેમાં પેહેલીનખશીખ સુભગા, શ્રીહરીનેમનભાવી. ૧૮
કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં, ઉપજ્યા સત્ય અનંત;
ભક્તિ લીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯
બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન;
કર્મજડઆસુરઅન્ય ઉપાશીક, ભજનધર્મથી હીન. ૨૦
એણી પ્રકારે સ્રષ્ટી દીધા ગુણ, મિશ્રીત ચાલી જાય;
ભક્તિ મારગી જીવસ્વતંત્ર, કેવળ ભક્તિ ન થાય. ૨૧
શ્રી પુરૂષોતમે વળિ વિચાર્યું, હવે પ્રકાર શો કરીએ;
મારી સેવા અને કથા રસ, નિરૂપવાતનું ધરિએ. ૨૨
ભક્ત જીવના ભાગ્ય વિસ્તર્યા, ઇચ્છા કરી હરીસાર;
તેણે હિતેઆપો પેં પ્રગટ્યાશ્રીવલ્લભ રાજકુમાર. ૨૩
પુરણબ્રહ્મ શ્રી લક્ષ્મણ સુત, પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ;
શ્રી ગોકુળમાં પ્રગટ પધારયા, સ્વજન કીધા સનાથ.

बीजुं मीठुं.

રાગ રામકળી (રાતના બાર ઉપર બે વાગે ગવાયછે.

શ્રી લક્ષ્મણ સૂત શ્રી વલ્લભરાયજી;
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી,
કળી જન તરેવા નહિં અવર ઉપાયજીઃ

યગ્ય પુરૂષ હરીના શ્રતિ ગુણ ગાયજી. ૧ ઢાળ.
ગાય શ્રતિ ગુણરૂપ અહરનિશ, ધરે ધ્યાન વિચાર;
આનંદ રૂપ અનુપમ સુંદર, પામે નહિં કોઇ પાર. ૨
પ્રાણ પતિ પ્રાગટ્ય કારણ, કાંઇક કહું મતિ મંદ;
હરસુર વિધાતા નવ લહે, સાક્ષાત બ્રહ્માનંદ. ૩
શ્રી વૃંદાવન ચંદ મુખ રૂચિ, અગ્નિથી અવતાર;
દ્વિજ તિલક ત્રિભુવન નામ, નિરૂપમ રૂપ અંગિકાર.
દેવલોકે દુદુંભી વાગીયાં, આનંદ કરેરે નિઃશંક;
અસૂર તિમિર ઉછેદવા, ભુમિ વલ્લભ દેવ મચંક. ૫
પુરણ પુરૂપ પ્રમાણ પંથા, વિખ્યાતા વેદાંત;
ગ્રંથ સરવે રસરૂપ કીધા, પોતાને સિદ્ધાંત. ૬
રસિક રસના રસિક વાણી, જાણી સરવ નવખંડ;
ઊર્ધ્વ પંથા સજશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ. ૭
એકબ્રહ્માંડેજેનોજશનમાયો, તેહનાહુવાકોટિ અનંત;
તોએ ત્યાંથી વાધીયો જઇ, વસ્યો મુખ શ્રીમંત. ૮
અતુલ અમળ ઉદ્યાત ઊધા, ભુતળ દ્વિજ માર્તંડ;
ભક્તિ મારગ કેસરી ગજમાઇક મત શાત ખંડ. ૯
દિગ વિજય દસ દીશા કીધો, પરિક્રમાને વ્યાજ;
તિરથ સકળ સનાથ કીધો, ચરણ રેણું સમાજ. ૧૦
પત્ર લંબે પંડિત જીત્યા, માઇક મત માતંગ;
શ્રીકૃષ્ણ પુરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનું રૂપ કોટિ અનંગ. ૧૧

સ્વમારગ સ્થીર સ્થાપવા, આપવા ભજનાનંદ;
નામ આપ્યા જીવને, શુભ મિષ્ટ મુખ મકરંદ. ૧૨
અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પરવેશ;
કોમળ પદ જ્યાં કમળ વિલશે, ધન્યકહું તે દેશ. ૧૩
અંગ બંગ કલિંગ કૈકટ, માગધ મારૂ સુર સિંધ;
તે તામસના અધ હરચા, પ્રતાપ પદરજ ગંધ. ૧૪
કનક સ્નાન શતમણ સુવરણે, કરાવ્યું મહિપાલઃ
તે મુકી વેગે ચાલીયા, પણ દ્રષ્ટિ ન પાછી વાળ. ૧૫
દક્ષિણ પ્રભુ પધારિયા, પાંડુ રંગ શ્રી વિઠ્ઠલનાથ;
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ. ૧૬
વચનનાથે નિશ્ચય માગ્યું, કીધી શ્રીવલ્લભજીશું વાત;
અમને તો ઇચ્છા એમછે જે, હું નંદન તમે તાત. ૧૭
તે પુરૂષોત્તમ પ્રગટશે, શ્રી વિઠ્ઠલ રૂપ નિધાનઃ
નેત્ર કમળે નાના ભાવે, દેશે ભક્તને સનમાન. ૧૮
ત્યાંથી શ્રી વૃંદાવન પધારિયા, જ્યાં મધુપકરે ગુંજાર;
કુસુમ દૃમ નવ મલ્લિકા, મકરંદનો નહિં પાર. ૧૯
તરૂ તમાળ અતિ શોભિતા, હેમ જુથીકા સંઘોડ;
લસતા તે સુભગ લટકતી, હીંડતી મોડા મોડ. ૨૦
તાન ધુનિ સુનિ મયુર રૂપે, સાંભળે ધરી ધ્યાન;
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુપાન. ૨૧
કુંજ સદન સોહામણું, શોભા તણો નહિં પાર;

વિવિધ રાસ લીલા કરે, ખેલે તે નંદ કુમાર, ૨૨
રંગે તે રમતા દીઠડા, બળદેવ શ્રી ગોવિંદ;
એ પુત્ર ભાવે પ્રગટશે, મન ઊપન્યો આનંદ. ૨૩
બળદેવ શ્રી ગોપીનાથ કહીયે, શ્રી વિઠ્ઠલ નંદાનંદ;
એ વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૪
ત્યાંથી કેશીઘાટ પધારીયા, કહી કથા તત્વ સમાધિ;
રસપુંજ પુરૂષોત્તમ પ્રણમ્યા, સરસ્વતિ તજી આધી.
ગીરીરાજને આ સ્વાસ દિધો, ધરી કોમળ ચરણ;
હરખે તે સામા આવિયા, શ્રીગોવરધનઉદ્ધરણ. ૨૬
હળિ મળિને ચાલિયા, ચરણાટ જ્યાં નિજધામ;
નવરંગ નાગર પ્રગટશે, મન પુરવા બહુ કામ. ૨૭
તત્વ સંખાયે કહ્યાં, પદ સરમાએ સાર;
હવે કાંઇ એક સ્તુતિ કરૂં, શ્રી વલ્લભ રાજકુંમાર. ૨૮

ત્રીજું મીઠું.

રાગ ધનાશ્રી—(દોઢ પોહોર દિવસ ચઢે ગવાયછે.)
પોસમક્યાનેનોમેશ્રીનાથજી,અંકાજીઉરઊપન્યોઆનંદ;
ચંદ શ્રી વૃંદાવન તણો પ્રગટીયો એ. ૧

સૌભાગ્ય સુંદરી મળિ ધવળ ગાયે, સુહાયે રૂડા કંઠ;
સુનાદ; અલ્હાદ ઉપજ્યો અંગો અંગ ઘણો એ. ૨
આ સૂતિકા સદન સોહામણું એ, શોભા તે લેહેરડે
જાય; વાજીંત્ર વાજે તે સમે. ૩
આ સરવ સ્વદાન તેણે સમે, કરેરે શ્રી વલ્લભજી ઉા-
દાર; સુકુમાર સુત ઉદ્યો શ્રવણે સુણી એ. ૪
આ પાતાળે શેષનાગ રીજીયા, ઉપર ઇંદ્રાદીક દેવ;
તતક્ષણ નિશાન વજડાવિયાં એ. ૫
આ બ્રહ્મા મહાદેવ મુનિ હરખિયા, વરખિયા કુસુમ
સમુહ; આ મોહ ટાળ્યો જગતના જીવના એ. ૬
આ સિદ્ધ ગંધર્વ સુણી અપસરા, ઉલટચો તે નૃત્યનો
નાદ; આલ્હાદ ભર્યા શ્રી વલ્લભજીએ માનિયા. ૭
નિગમ શ્યામાશાખાસહસ્ત્ર શું, કરેરે ભવ નિર્ઘોખ;
આ ઘોખપતિ ભગવદી ભેટતાં. ૮
વેદ વિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં તે બહુપેર ગૌદાન
આ માનશું સ્વજન સંતોષિયા એ. ૯
આ કનક કચોળે કુંમકુમ ભરયાં, અક્ષત દુરવા ભરયાંરે
સુથળ; આ માળ પારીજાતની મહમહે. ૧૦
આ તોરણ પરમ સહકારના, ધરણી ચંદનતણા નીર

આ વીર શ્રી ગોપીનાથ શ્રી વીઠ્ઠલ પ્રગટીયા. ૧૧
આ દધિ દુધ ઘૃત મધુ માંડવે, શેરીએ વેહેરે સુગંધ;
આ સુગંધે મોહ્યા અળિકુળ આવિયાએ. ૧૨
આ સૂત માગધ સાધુ સરવે મળ્યા, મળિયા તે માંહો
માંહે; ઉત્સાહ ભરયાં કો કોને જાણે નહીં. ૧૩
આ સૂકદેવ સંમળ આનંદીઆ, વંદીઆ શ્રીવીઠલ-
જીનાચરણ; ગીરીધરનશ્રીભગવત, મારૂનીરખસે. ૧૪
આ સકળકળા કળિકાળમાં, કલ્પદ્રુમ પરગટીયો આ-
જ; કાજ મન વાંછિત પુરવા. ૧૫
આ તૈલંગ તિલક ત્રિભુવન ધણી, મણિમરકત ધ-
નવાન; સમાનરૂપ નિરખતાં કો નહીં. ૧૬
આ ગણક ગર્ગાદીક આવીઆ એ, ભાવિઆ દેરે આ
શીશ; જગદીશ શ્રી વલ્લભ ઘેર પરગટીયા. ૧૭
ધવળ ધનાશ્રી ગાન જે કરે, ઉચ્ચરે શ્રી વિઠલજી અ-
વતાર; આ સારસ્વત લીલા તે જન લહે. ૧૮
આ દાસનો દાસ જાય વારણે, બારણે રહ્યોરે ઉત્સવ
જુવે; કોણ નહીં ભાગ્યવાન તે સમે એ. ૧૯

ચોથું મીઠું.

રાગ ભુપાળ. (દિવસનાંમાર ઉપર બેવાગતાં ગવાયછે)

તેપદવંદુશ્રીવલ્લભનંદજી, ત્રિભુવનમંગળપરમાનંદજી,
સકળ જીવનો ટાળ્યો દંડજી,
જુગમાં વ્યાપ્યો મુખ મકરંદજી. વલ્લાણુ
સુખવંદુ શ્રી વલ્લભ સુતની, પદાં ભુજસુ કુમાર;
નિગમ રહસ્ય વિચાર કીધો સકળજન નિસ્તારતે. ૧
બ્રહ્મકુળ હરિ અવતર્યા, ને ટાળવા ભયભાર;
શ્રીનાથ વિઠલ નામ નિરૂપમ, શ્રી વૃંદાવન શંગારતે.
એક રસના કયમ કહું ગુણ, પ્રગટ વિવિધ વિહાર;
નિત્ય લીલા નિત્ય નૌતમ, શ્રુતિ ન પામે પાર. તે. ૩
સકલ શાસ્ત્ર પરમાણ બોલે, પદ શાર માંહે સાર;
તત્વ માંહે તત્વ ત્રિભુવન, ભકતનો આધાર. તે. ૪
સરવ અંગો અંગરસ ભરયા, રસભર્યા લોચન ચાર.
ચરણ વલાણું બોધવો, હય ભાવ અનેક પરકાર. તે ૫
મુખ સુગંધ મોહ્યા અળિ સકળ તે આવી કરે ગુંજાર,
મધુર વચન ઊચાર માત્રે, સંશયનો પરીહાર. તે. ૬
નામે વ્યાજે પ્રગટ કીધો, મુક્ત શાનરૂકાર;
ભુજ દંડસ્પર્શેભાગ હરયાં, એવા નાથ અમીત ઉદાર તે.૭
સ્વ સ્વરૂપ અરથે પોઝિયા, કૃત હુતા જે સંસાર,
રાજ કાજે જોડીયા જન, ઊચ્યા વચન નરનાર. તે. ૮

આગળ તે અંશે પ્રગટીયા જે, ગ્રંથ કહ્યા બહૂવાર;
જશોદા ઉશ્રીસંગ લાક્ષીત, પુરણ અતીસકુમાર તે. ૯
અનેક ધર્મ કીધા પ્રભુજીએ, નિગમ ને અનુસાર.
ગિરિરાજધરનતાપટાળ્યા, શ્રીલક્ષ્મણસુતનિરધારતે ૧૦
પોતે પ્રગટ પોતા તણો, જશ તણો કર્યો રે ઉચાર;
પોતે તે અંગોઅંગ સુખદ સીમા, સ્વજન અંગીકાર.
સ્કંધ સંક્ષાએ કહ્યાં પદ, શ્રી ભાગવત રસ રાજ;
ભક્તજન પદરજ પ્રતાપે, સકળ સરિયાં કાજતે. ૧૨

पांचमुं मीठुं.

રાગ સામેરી અથવા ગીતીવૃત.

(સાંજના પોહોરે ગવાયછે.)

શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાએ નરનારી;
દુર્ગતિસકળનિવારી,પ્રગટયા શ્રીવ્રજપતિરાસ વિહારી.૧
માયક મત જેણે ખંડયો, ભક્તીમારગજેણે બહુપેરેમંડયો
ઉત્પથ જેણે સર્વે દંડયો, મુરખ હેતુ કુશબ્દ વિડંડયો.
વદન સુધાકર જયોતી, વચન રસિક રસ રાસ ઉદ્યોતી;
નવ ધન જળવપુ પોતે,સરસસુધારસ કીધાં પ્રસુહોતે. ૩
ભક્તીપક્ષવૈભવ દ્રઢકીધો, વચનસુધારસજેણેસૃતિપીધો;

અર્થ સકળ તેહનોસીધો,તે લીલા માંહે તાણીને લીધો.

वलण त्रिताळ चोपाइ.

જેલીલામાંહેઅંગીકરીએ,તેનેસકળતાવનિસ્તરીયે. ૧
જે શ્રી વિઠ્ઠલનાથ વચારે,તેને પરગટ પદારથ ચારે. ૨
ઉપરાંતભજન ફળઆપે, વ્રજમંડળ સ્થિર કરીસ્થાપે. ૩
તેને દેવ મુનીશ્વર ગાયે, તે સરવે ઉપર સોહાએ. ૪
તેને કાળ કર્મનવ બાંધે, યમ તે શીર ધનુષ નવસાંધે ૫
હેરો માર્ગ શ્રીવલ્લભવરનોરે,જ્યાં નહિ પ્રવેશ વધહરનો.
જ્યાંહાં નિત્ય રાસ બહુ પેરે, મધ્ય નાયક નૃત્યત્ત ઘેરે.૭
જ્યાંહાંરત્નજડિતતટસરીતા, જ્યાંનવપલ્લવદ્રુમરહિતા.૮
જ્યાંહાં ધાતુ રતન્ન ગીરીરાજે, વજીત વિવિધ પેરેવાજે.
જ્યાં યુવતીજુથ બહુ માંયે, શ્રીજી શામવર્ણે સોહાયે.
એણીપેરે શ્રી ગુસાઇજીને જાણે, જાણી અહરનીશ ગાઇ
વખાણે. ૧૧
જે જીવજાતી હોયેકોઇ, તેનેતતક્ષણ સરવસુખહોઇ. ૧૨
સેવક જનદાસ તમારો, તેહનો રૂપ વિયોગ નિવારો.

છઠું મીઠું.

(રાગ પરજ, રાતના બાર ઉપર ત્રણવાગતે ગવાયછે.)
સગુણ સ્નેહીશામળાવહાલા,અહરનીશ દર્શનઆપોજી;
પરમસુખદેવાનેકારણ,વ્રજમંડળસ્થીરકરીસ્થાપોજી.૧
શ્રી વલ્લભકુંવરકોડામણા,તમારૂંનામ નિરંતરલીજેજી;
રૂપ સુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજેજી.
તે પદ કયારે દેખીશું, જે ગોર્ધન પુઠે ધાયેજી;
વ્રજ સુંદરી સુખ પામીયાને, વારંવાર ધાયેજી.
દિવસે સરવે શ્યામા મળી, રસ રૂપ તવ જશ ગાયેજી;
ગોપમંડળી મધ્ય દેખીને, વારંવાર સૂખ થાયેજી. ૪
વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખેજી;
અલક મુખ સ્ફુર લાગી, તે કમર ભ્રમર વીશેખેજી.
ગોપ બાળક મંડળી મધ્ય, રંગ અનેક ઉપજાવેજી;
મત્ત ગજગતિ મલપતા વાલો, શ્રી ગોકુળમાં આવેજી.
લોચન ભ્રગ પીયે ઘણું તે, પ્રગટ મુખ મકરંદજી;
કમળ પત્ર શી આંખડી તે, જોઇ જોઇ ટાળ્યો દ્વંદજી.
જોતાં તૃપ્તિ ન ઉપજે તો, અધર સુધારસ પાયેજી;
ભુજલતાબીડીભામનીનો,તેદિવસનોતાપબુઝાવેજી. ૮
પુરણ સુખ દેવાને કાજે, પ્રભુ આઘેરા પાંઢિ ધારેજી;

જસોમતિ લેઇ ભામણાં સુતના, નિરાજન ઉતારેજી.૯
વસ્ત્રાળ મુખરજ પોંછીને, હીર રૂપ સકળ નિહાળેજી;
ઉભી થાયે રોમાવળી કર, કોમળ અંગ સંભાળેજી. ૧૦
કરી પેરે પેરે વારણાં સુતને, સદનમાં પધરાવેજી,
સુંદરી ગ્રહ કાજ મિશેવળી, નીરખવાને આવેજી. ૧૧
ઉષ્ણોદક સોધે ભેળિ હરિને, અંગ અંગોળ કરાવેજી;
અંગ વસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પછે ફુલેલ ચઢાવેજી.૧૨
વિવિધ વસન સુગંધ શીતળ, ફુલ અંબોડે ફાવેજી;
ઠમઠમ તો વાહાલો લાડીકો,તે ભોજનશાળે આવેજી.૧૩
શ્રીરાધાઅધરસુધાવિનાપીયુને,બીજુંતેકાંઇનવભાવેજી
પ્રાતપચારે નિશાંએ આવે,વાહાલો પ્રીતિ નવીઉપજાવેજી.
માતાનું મન રંજવા, પ્રભુ આરોગ્યા બહુ સ્વાદેજી;
સુગંધ બીડી કર ધરીને, ઉઠયા નેપુરને નાદેજી. ૧૫
સકળ વ્રજમાં પોઢીયા, કરે વિવિધ રપ સુખ દાનજી;
એ લીલા મારે મન વસોને, ભક્ત માગે માનજી. ૧૬
શ્રી વિઠ્ઠલ દ્વિજ રૂપ તમારૂ, લીલા એણીપેરે ઝાઝીજી;
ઓર રહે કેમ ચાલશે, જે પ્રીત અમશું બાઝીજી. ૧૯

સાતમું મીઠું.

રાગ બિલાબલ–(પાછલી ચાર ઘડી રાતે ગવાયછે.)

આપ સેવા કરી શીખવે, શ્રી હરી, ભકત પક્ષ વૈભવ
દ્રઢ કીધો, આપણી લીલા તે વદન પોતે કહી ઉચાર
આનંદ જો અધિક દીધો, વેદ દધિ મધ્ય નવ નીત જે
ભજન રસ, મથિત માધુરી; જીવ શ્રવણ પીધો;
તકમય કર્મ પથ સ્નેહી રસ હીન જે, સ્વેત જાણી વિ-
મુખ તાણી લીધો. ૨

એમના ચરણ શરણ, વિના લોક દશ ચારમાં કહોને
કેનોક અર્થ સિધ્ધો;
શું કહું ચતુર થઈ થઇ અતિ વિસ્તરે, ભજે નહિં જે
પશુ વિષ્ય કીધો. ૩

બોલ શ્રી વલ્લભ સુતને વીમલ વાણી, જેની ગતિ બ્ર-
હ્માદિક દેવે ન જાણીઃ
જે ગુઢ રસ વેદ વાણીતેપ્રગટકીધી, ભક્ત હિત જાણી. ૪

નંદ નંદન રૂપે રાસ લીલા કરી, પોતે ન ઉચ્ચરી છા-
ની રાખી, દિવસ એકાદની ઉત્તરા કુંવર, પ્રતી વાસ,
નંદન વિગળ વદન ભાખી. ૫

બ્રહ્માદી મહામુની અતિ જ્ઞાન પારંગતા, તે મધુ સીં-
ધુના કહિએ માંખી; ન કોય હુવો ન હોય એ રૂપ
સમ, તેહના સકળનિજ નિગમ સાખી. ૬

એ પ્રભુ રસ પુંજ ભુર ચક ભાગ્ય હિન, જીવ જેણે
દધિકા ન ચાખી; તેને દેવ ઉપર રચા ધિકાર બોલે,
મંદ મતિ કહી અને નીંદા દાખી. ૭

વિભૂષ વાંછે વાસવ સુમતિ ઉપરે, શ્રી વલ્લભ કુંવર-
નીટેલ કરવા; ઘોખથી વેગે પાઊં ધારિયા ગિરિ ભણી,
શ્રી ગીરીરાજ ધરણના તાપ હરવા. ૮

પુન્ન ફૂટે ભર્યાં વસન વાગા તણાં, વિવિધ ભુષણ તે
અંગ ધરવા; તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો, જેણે
નૌકા ચાલી સિંધુ તરવા. ૯

દિવસ એકાદનો વીરહ તો યુગ સમો, નીરંજન મી-
શેરૂ પદ્દદે ધરવા; જીવને એ કૃત્ય નીત્ય પ્રતી ક્ષણ-
ક્ષણ શ્રી વિઠ્ઠલનાથ હેવા ઉચારવા. ૧૦

રૂપ બેઉ એક તે ભિન્ન થઇ વિસ્તરે, વિવિધ લીલા
કરે ભજન સાર; વિવિધ વચનાં વળી નયન શેયનેમીલે,
સંગના સુચત્રે નિસવિહાર. ૧૧

વિવિધ મુક્તાવળી પાટ સુત્રે કરી, હુલ્લસરી શોભીતા
કરે શ્રંગાર; વિવિધ વળી. એકએકને કંઠે આરોપેહાર ૧૨

વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન, રસ ધસમસ્યા અર્પે
તે બહુ પ્રકાર; વિવિધ બીડાં સુગંધ કરપુરને એલચી,

લવંગ પુંગી પાન ખરસાર. ૧૩

અહરનીશ ધ્યાન શ્રી વિઠ્ઠલ અભિધાન રસ, સકળકળી
મળ દુરીત કોટી ટાળે. ૧૪

એ પ્રભુ પ્રગટ વપુ વિપ્ર વરતનું ધરિ દ્રિઠડે ત્રિભુવન
તણા ચીત ચાળે; કમળ ખંજન મિન મધુપ જ્યાંહાં ત્યાંહાં
થકી, વક્ર લોચન પ્રાત પાછા વળે. ૧૫

આગધ્રે સખી જાણે ચિત્રે લખી, વાંછતાં નાથની છબિ
નિહાળે; હાવ ભાવદિક કોટિક કરે, મદન જવર વ્યથા
તે વેગ-ટાળે ૧૬

દાસનો દાસ ભણે, શકળ સજ્જન સુણે, શ્રી વિઠ્ઠલ
આપણુ બિરદ પાળે. ૧૭

———:o:———

आठमुं मीठुं.

રાગ ધનાશ્રી—-(દોઢ પોર દિવસ ચઢે ગવાયછે.)

લલિત મનોહર શ્રી વલ્લભ સુવન સુજાણ;
નખ સીખ સુંદર શ્રી વ્રજ જન જીવન પ્રાણ.
વદન કાંતિ જાણે ઊધા કોટીક ભાણ;
દ્વીજ કુળ મંડન પ્રગટયા પુરૂષ પ્રમાણ. ૨
નામ નીરૂપમ ઉચરે, સકળ કલ્યાણ;

તેહના સાખી ચારે વેદ પુરાણ. ૩
અસુર હણવા બ્રહ્મવાદ કરેરે વખાણ;
ભક્તિ કરે સઉ વાજંતરે નિશાણ. ૪
વૈશ્નવ જનને આપે પદ નિરવાણ;
મારગ મુકતાં કોય નવ માગે દાણ. ૫
ચરણ ચાખડી વદે રાણો રાય;
સનમુખ કીધા જે હુતા જે પ્રેત પાખાણ. ૬
હતિત પતિતનું જુઓ તમો પ્રગટ પ્રમાણ.
શેષ સહસ્ત્ર મુખ ઉચરે જેહનાં વખાણ. ૭
ચૌદ લોકમાં વરતે જેહની આણ;
ત્રાસ તિમિરનો જાણે સુકળ વિહાણ. ૮
ધર્મ કાળનો પ્રભુજીએ કીધોરે ત્રાણ;
અધરમ સકળ પ્રભુજીએ કીધોરે વિહાણ. ૯
સરમ કીધા જે હુતા ભ્રષ્ટ અજાણ;
નિરભય કીધા શિરપર ધારીને પાણ. (હાથ) ૧૦
નિગમ તત્વ રસરસ ભરચા અમત સંધાન;
રૂપ સુંદરતા નહીં એની સમાન. ૧૧
કૃપા કરી હરી રાખી બહુ વીધી કાન;
સેવક જનને રાખીજ્ઞો એહીજ્યાણ. વક્ષણ. ૧૨

હેવા ગુણનિધિ નાથ ગાતા, બ્રહ્મ હત્યાદીક અઘટળે;
લીલા તે લેહેરી સીધું ઝીલે, રાસ રસીકને જઇ મળે.
નિઃસાધન જન હિત કરવા, શ્રી નાથ વિઠ્ઠલ આવીયા
વ્રજમાં હીંડે મલપતા, વ્રજ સખી મન ભાવીયા. ૧૪
કમળ નેણે અમૃત વચણે, વાચક માધુરી રેડતાં;
વેદાધ્યન મિશે ભુજ ચલાણે કરી, સોહે સઉને તેડતાં.
રંગે તે રમિયા રસ ભર્યા, પ્રભુ ઘોખમાં લીલા કરે;
અધીક અધીક પ્રતાપ પુરણ, જશ દશો દિશા વિસ્તરે
ભાતિ ભાતી લીલા કરે પ્રભુ, સાતે સ્વરૂપ સોહામણા
એક એક પે અધિક લીલા, વ્રજ સખી લે ભામણાં.
પેરેપેરે પરીવાર સોહે, દેવ મોહે નીરખતાં;
ઉત્સાહ આનંદ ઉલટીઓ, તે કુસમ વરખે હરખતાં.
પ્રતી મદન શોભા અતીઘણી, ભણી વેદ વન જાયે;
મકરંદ માતા ભમર ગુંજે, પક્ષી નાદ સુહાયે ૧૯
અંતપુર લીલા કરે સખી, સ્વજન સર્વ સંતોષતા;
જાણ મતમાતંગ છુટયો, નેપુરને નીર ઘોખતા. ૨૦
હાર કંકણ ભુષણ, નાદ નાના હંડતા;
ગાનગાયેને સ્વરસોહાયે, શ્રીનવનીતપ્રીયાજીને પોઢતાં
સાંજ સમે શૃંગાર નોત્તમ, ફુલ ગુંથે સહુ મળી;
સદન શોભા નિરખતાં, લક્ષ્મી તે મન પામિ રળિ.

વાંસવાંછે વ્રજ વસેવા, એણીપેરે સૂખ પામવા;
શ્રી પુરૂષોત્તમ ઉત્તમ વરને, સમે જોઈ શીશ નામવા.
લીલાને અનુસાર કળરવ, કુંજીમા દ્વિજ શોભીયા;
સ્વસ્વભાવત્યાગીધ્યાનરાગી, કોઈકભાવે લોભિયા.
સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુજશ પ્રકાર;
રશીક જન મન સહચરી, મળી કરે તે ઉચાર. ૨૫
એણીપેરે લીલા કરે, શ્રી વલ્લભ રાજકુમાર;
ભક્ત જનના કોડ પુર્યા, આપે ચરણ વિહાર. ૨૬
લલિત મનોહર શ્રી વલ્લભ સુવન સુજાણ.

—:*:—

નવમું મીઠું.

રાગ બિભાસ. [પરોઢીએ ગવાય છે.]

નિત્ય પ્રતિ ક્ષણક્ષણ સમરિએ, શ્રી વલ્લભનો પરિવા-
રરે રસના. શ્રી પુરૂષોત્તમ પ્રગટ્યા જગત, કરવા ઉ-
દ્ધારરે. રશના, ૧
કળિમાં કારણ એક બીજું, સર્વે ભુનિનો ભારરે. રસ-
ના એ વિના બીજું સરવે બાદલું, ચૌદ લોકનો શૃ-
ગારરે. રશનાં. ૨
શ્રી ગોપીનાથજી સોહામણા, નવ જન જળ તનવાનરે

રશના. સુખદાતા લઘુ ભ્રાતના, પુરણ પુરૂષ પ્રમાણરે
રશના. ૩

કમળ લોચન કરૂણા ભરયં, શ્રી વિઠ્ઠલ સુખની રાસરે. રશના; દીઠડે તાપ ત્રિવિધી ટળે, સ્મરણે માત્રા અધ નાશરે.
રશના. ૪

શ્રી ગીરીધર નર ભુષણ ભ્રાત, સકળ ધુરીધારરે. રશના. સ્રષ્ટા તે વેદ શાસ્ત્ર તણા, શ્રી ભામનીજી ભરતારરે.
રશના. ૫

શ્રી ગોર્વીદ આનંદ મય, ધર્મ સકળનું ધામરે. રશના; શ્રીરાણીજી રંજનરૂડલાં ભક્તસકળ વીશ્રામરે. રસના. ૬

શ્રી બાળકૃષ્ણજી બાહુવા, સુંદર ભીનલે વાનરે, રશના. શ્રીકમળ લોચન કમળાપતિ, છબી કો નહિં એ સમાનરે. રશના. ૭

શ્રી ગોકુળપતિ ગુણનિધિ, તાત તણું પ્રતિબિંબરે. રશના. શ્રી પાર્વતોપતિ પ્રેમશું, શોભા સકળ કુટુંબરે.
રશના. ૮

રઘુપતિ શ્રીઅતિ ગજ ગતિ, રતિપતિ કરૂં બલિહારરે રશના; શ્રી જાનકી જીવન એ સદા, મધ્ય રત્ન મણિમય હારરે. રશના. ૯

શ્રી યદુપતિ જીવન જગતના, સદા પ્રસનઉલ્લાસરે. ર-
શના; નાહવો તે મહારાણીજી તણા મુખ માધુરી વિ-
લ્લાસરે. રશના; ૧૦

શ્રી ઘનશ્યામજી સીંચે સદા જીવન, સકળ બ્રહ્માંડરે
રસના; નાથ તે શ્રીકૃષ્ણાવતી તણા લીલા નિ ય અ-
ખંડરે. રસના; ૧૧

લક્ષ્મી સત્યભામા બેહુ અગ્રજની અનુહારરે, રસના.
શ્રીનવનિતપ્રાયાજીનેરીઝવ્યાં,શેવાવિવિધપ્રકારરે.રસના
એહના ચરણસ્મર્ણકરીશ્રીવિઠ્ઠલપદરજતિમાગારેરસના.
શ્રીવલ્લભકલ્પદ્રુમફળિયોનેહનીશાખાપસરીઅનેકરસના
પુત્ર પાૈત્રા સુખ શુ કહું, જા તું મુખમાં એકરે રસના.૧૪

ઇતિ શ્રી વલ્લભાખ્યાન સંપુર્ણ.

अथ मूळपुरुष लिख्यते.

રાગ બિલાબલ (પાછલી ચાર ઘડી રાત્રીયે ગવાયછે.)

મુળ પુરૂષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વ યજ્ઞ;
શાખાતૈંત્રીગોત્રભારદ્વાજતેલંગ કુળઊદિતદ્વિજરાજછંદ.
દ્વિજ રાજમેં હરિ આય પ્રગટે, સોમ યજ્ઞ કીયો જબે;
કુડં તે હરિ કહિ બાની, જન્મ કુળ તુમ્હેરે અબે.

ચકિત તનછિનભયેસબસજ, એશી અબલોભગ્ કબે;
સુનતહિ મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબે. ૧
તીનકેપુત્રભયેગંગાધર;તીનકેગણપતિ સુતવલ્લભ વર;
શ્રી લક્ષ્મણ ભટ અનુભવ દેવ,
શુદ્ધ સત્વ જો શ્રી વસુદેવ. છંદ.
સત્વગુણ વિદ્યા પયો નિધી, વિશદ કિરતી પ્રગટઇ.
ગાઢિ કાકરવાડમેં રહી, જાત સબ હરખીત ભઇ.
પરવ પરસ કુટંબ મીલહી, માગલો સબ સાતલે.
સ્નન દાનદિવાય દ્વિજકો, ચલે કાંશી પાંતળે. ૨
કછુ દિન રહિકે ચલે સબ દક્ષણ,
આનંદીત તનું શકુ ન સલક્ષણ,
ચપારણ્ય માંહી જબ આયે;
એલમાગારૂ ગરભ સ્રાવજતાએ. છંદ.
સ્રાવ જાનિ ચાલે ત્યાંહાં તે, નગર ચોડામે બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દશો દિશામાનું હશે;
ચેહેન હે સુનિ ચલે કાશી, ફેરી વહાં બન આવહી;
અગ્નિ ચોધા મધ્ય બાળક, દેખી સનમુખ ધાવહી. ૩
મારગ દિયો જાની જિય માતા,
લિયે ઉત્સંગ મોએ દિયો હે બિધાતા;

તાત સુનત દોરી કુંડ લગાએ;
તિહિછિન મંગળ હોત બધાયે. છંદ.
મંગળ બંધાયો હોત, તતક્ષણુ દેવ દુંદુભી બાજહિ;
જોત સિકો લગ્ન પુછત, પ્રથમ સમયો સાધહી;
ધન્ય સંવત પંદ્રહ્ના, પેંતીશા માધવ માસ હે;
કૃષ્ણ એકાદશી શ્રી વલ્લભ, પ્રગટ વદન લીલાસ હે.
શ્રી વલ્લભ લે આયે કાશી,સુંદર રૂપ નયનસુખ રાશી;
સાત વરસ ઉપવીતધરાયે, તબતેવિદ્યાપઠનપઢાયે,છંદ.
પઢે ચારો બેદ અરૂ પટ શાસ્ત્ર, મહિના ચારમેં;
તાતકો આશ્ચર્ય ભર્યો, યહ કોન રૂપ વિચારમેં.
નીંદ આઇ કહયો પ્રભુ સંદેહ, કયો તુમ કરત હો;
પ્રથમ બાની ભઇ હે સો, પ્રગટ જાનો અમ ભયો.
જાગી પરિ કહયો પતિન આગે; યેહે પરમ બ્રહ્મ અતુરાગે.
શ્રા મુખ બચન કહે શ્રી વલ્લભ,
માયા મત ખંડન ભયે સુલ્લભ. છંદ.
સુંલભ તે દક્ષણુ ચલે, અગ્યાર બરસકો વપુ ધરે;
દેખી મામા હરખાય કે, આદર કીયો આયે ઘરે.
વિધા નગર કૃષ્ણ દેવરાજા, બહુતમ તહી જહાં મિલે;
જીતીકે કનકા ભિષેક શું પઢે, આવત ઇહાં ચલે. ૬

રામાનુજ અરૂમાધ્યા ચારજ;
વિષ્ણુ સ્વામિ નિમાવત હરિ ભજ;
શંકરમે અનુસરત એ રમત;
ઉકીત પ્રબળ તે આજ સુંબળ અંત. છંદ.
સુબળ સુની આપુહિ પધારે, દ્વારપેં, પહુંચે જબે;
ભરત દોરી પ્રતાપ બનર્યો, રાય આયેં ઇહાં અબે;
રાયે આએ પ્રનામ કીનો, સભા મેં જુ પધારિયો,
સુનોહિ બનીતિ કૃપાસાગર, દુષ્ટ મતહિ બિડારીયો
જગગતિ ચાલ પહુચે શ્રી વલ્લભ;
ઇનકી કૃપા ભઇ સબ સુલ્લભ;
રવિકે ઉદય કીરતન જ્યાં બાઢી, તેસે સભા પાંત ઉઠી ડાટી,
ઠાડે સબ સ્તુતિ કરે, જબ કિયો માયા મત ખંડન;
શબ્દ જે જે હોત સબ મુખ, ભકતી પંથ ભુવમંડન.
સ્તુતી કરે દ્વીજ હાથ જોરે, રાય મસ્તક નાવહી;
પરમ મંગળ હોતહે, કનકાભિષેક કરાવહી.
પાછે જળશું ન્હાય બિરાજે, વિનતી કરી રાય મન સાજે;
દ્રવ્ય શબ્દ અંગીકૃત્ય કરીએ,
પ્રભુ બોલે યહ નાંહી ગ્રહીએ. છંદ.
ગ્રહીયે નાંહી સ્નાન જળવત, બાંટ સબકો દિજીયે;

બાંટી દીનો કરી બિનતી, મોહે શરણ જુ લીજીયે.
કૃપા કરી કે શરણ લીનો, થાળ ભરી મોહોરે ધર્યો;
સપ્ત લેકે કહ્યો દૈવી, દ્રવ્ય અંગીકૃત કરચો. ૯
તહાંતે પાંડુરંગ સીધારે; શ્રી વીઠ્ઠલનાથ માલનેકો પધારે;
ભીમરથી કે પાર મીલે જબ;
દોહુ તનમે આનંદ ભયો તબ. છંદ.
બઢયો આનંદ કરી બીનતી, આપકો મોહ શ્રમ ભયો;
કહી શ્રી વીઠ્ઠલનાથજીને, મીત્રતા પંથ પ્રગટાયો.
ફેરીકે શ્રી ગોકુળ પધારે, નીરખી જમુના હરખહી;
સંગ દમલાદીક હતેતીનપૈ, કૃપા રસ બરખહી. ૧૦
એક સમે ચીંતા ચીત્ત આઇ, દૈવી કહી બીધી જાની જાઇ;
આ સુર સો સબળીત સદાઇ,
ભીન હોય સો કોન ઉપાઇ. છંદ.
બીન્નકો જબ ચીત્ત ધરચો, તબ પ્રભુ પધારે તીહસમે;
મધુર રૂપ અનંગ મોહીત, કહત સુધકી નેહમે.
કરો અબ તેમ બ્રહ્મકે, સંબંધ દૈવી સ્રષ્ટીકો;
પંચ દોષ ન રહે તાકે, નીવેદન કરો વ્રષ્ટીકો. ૧૧
બચન સૂની શ્રી હરખે વલ્લભ,
યહ આગ્યા તે પરમ અતી સુલભ;

કંઠપવીત્રાલેપેહેરાયે, મીસરીભોગધરીમનભાએ. છંદ.
ભયો ભાયો ચીત્તકો જબ, પુષ્ટી પંથ કો અનુસરે;
શરણ જે આયે નીરંતર, કાળભય તે ના ડરે.
પ્રગટ સબ લીલા દીખાવત, નંદ નંદન જે કરી;
અવનીપરપદ પદમરાખી, પરીક્રમા મીશ ઉદ્ધારહી.
ફરી પાંડુ રંગપુર આએ, શ્રીવોઠુલનાથ કહીં મન ભાયે;
કરી વીવાહ બહુ રૂપ દીખાયે,
મેરો નામ સુવીનકો ધરાયો. છંદ.
ધરો ચીત્તમે બાત યહ, કાશી વીવાહજુ હોયગો;
મેં કહી દ્વીજ આએ બીનતી, કરે ચરન સમોયગો.
આય વહાં તે વીવાહ કીનો, અધીક મંગળ તબ ભયો;
નામ ધર્યો મહાલક્ષમા, દેખી જોરી દુઃખતબગયો.
પરીક્રમા નીજ ચીત આઇ, નીકસી ચલે શ્રી વલ્લભરાઇ;
ઝાડ ખડમે પ્રભુને જતાઇ, અબકે મેં મીલ્યો મનભાઇ. છંદ.
મીલેગે હરીદાસપેં, જ્યાં તીન દમન જો કહાવહીં;
ઇંદ્ર નાગ જો દેવ દમન, સો મેરો નામ જતા વહા;
ફેરીકે જબ વ્રજ પધારે, પાંચ સેવક સંગહે;
સદુહે આંન્યોરમેં ત્યાંહાં દ્વારપે ઠાડે રહે.
સદુ કહી સ્વામી કછુ ખેહો, મેધન કહી સેવક કો લેહે

ઇતને પ્રભુ ગીરી ઉપર બોલે;
લાઇન હુધ રહી અન બોલે; છંદ.
બોલીનરો યહ પાહુને આયે, તીનાહી કોં બેડારીયે;
પ્રભુ કહુત મોહે બાર લાગત, ભલી ચીત બીચારીયે
લે ગઇ તબ પાલ આઈ, દેખ શ્રી વલ્લભ કહ્યો;
બઢયો હે કછુ હમે દીજે, બોલ પેહેલો યહ ગ્રહયો.
દેખી નરો બોલી હું વારી, નામ દીજીએ ગર્વ પ્રહારી;
નામદીનોપુછીવેકહાંહે,કહીપર્વતપર જાઓતહાંહે. છંદ.
તહાં દેખે પ્રાણપતી તબ, હુલસી દોઉ તન પુલહી;
વહ સમે સૂખ કહો ન આવે, પંક ગતી મતી ભુલ્લહી
હસી કહ્યો સકુટુંબ આયો, નીકટ રહી સેવન કરો
માની બચન પ્રમાન કીનો, સાસૂરે દીસ પગ ધર્યો. ૬
કછુક દીનરહી સંગલેઆયે,બસેંઅડેલમેં નીજહરખાયે,
સંવત પંદ્રા અડસઠ આઓ,
આસો વદી દ્વાદશી શુભ ગાયો. છંદ.
ધન સંવત પંદ્રહા ધન, બહોતરાયહ માનીકે. ૧૭
ફેરીકે ચરણાટ આએ, કછુક દીન રહે જાનીકે;
જાની બાળકો રૂપ હરખીત, દેત દાન બધાય કે;
ગાયો શ્રી ગોપીનાથજી, જબ જનમ લીયો આયકે,

પૌષ કૃષ્ણ નૌમીજન્મ આઇ;ચરચર આનંદહોત બધાઇ;
શ્રી વીઠ્ઠલનાથ જનમ ભયો સુનીકે;
કહત ફીરત આનદ ગુણ ગુનીકે. છંદ.
આનંદ બાઢયો ચહૂ દીશા, છબી દેખી શ્રી વલ્લભહશે;
બેઉ કછુમુસકાયચીતમેં, દોઉ હસની મેરે મન બસે.
તીલક મત્રમદ છોપ્યોહરખીત, કહાં લોગુણ ગાઇએ;
કૃપા તેં ઉછળીત નીજરસ, છીપત નાંહી છીપાઇયે.
શ્રીગોકુળમેંવાસસુહાયો,રૂકમણીપદમાવતીપતીગાયો;
શ્રી ગરીવર પતી નીજહી છબીલો,
શ્રી નવનીત પ્રીય અરપીલો. છંદ.
પ્રીય શ્રી મથુરેશ શ્રી વીઠ્ઠલેશ શ્રી દ્વારકેશજુ;
શ્રી ગોવર્દ્ધનધર શ્રી ગોકુળ ચંદ્રમા મથુરેશજુ.
શ્રી મદનમોહનઅષ્ટઇરહીબીધીરમણ શ્રીવાઠ્ઠલનાથકે;
તાતકે ચીત્ત જાની સેવા, વીસ્તરી સબ સાથકે. ૧૯
સંવત પંદ્રહેસે સતાનું કારતીગ,
વીમળ દ્વાદશી મંગળ નીતઢીગ;
પ્રથમ પુત્ર પ્રગટે શ્રી ગીરધર,
ષટધગુણ ધરમી ધરમ ધુરધર. છંદ.
ધુરંધર ઐશ્વર્ય શ્રીગોવીંદ, પંચદશ મંનન્યા નવે;

ઉર્જ શ્રાવણ અષ્ટમી શુભ, ગુરૂ સુદીન પ્રગટ જબે,
ત્રતુ વીયતુ શ્રંગાર, અસીન આસો તેરસ રાજહી;
શ્રી બાળકૃષ્ણ મહા પ્રાક્રમી, વહસોરે હસે રાજહી. ૨૦
કરી સહ સુદી સાતેમ, શ્રી ગોકુળ પતી,
યશ સ્વરૂપ માળા તેં સ્થાપી તરતી;
સોરસેં અગ્યારહે કારતીગ સીત,
એક બુદ્ધ રઘુનાથ શ્રી સહીત. છંદ.
હેત નીજ અવીધાન પ્રગટે, તાત આગ્યા માનીકે;
તીથી કળા નીદ્ધ મધુર છબી, વીમળ જ્ઞાન બખાનીકે.
શ્રી યદુનાથ પ્રગટે રહો વીરહ, શ્રી ઘનશ્યામ સરૂપકે.
સહ કૃષ્ણ તેરસ રવીજરી, છે સતકળા વીકુલ ભુપકે,
ભામનીરાનીકમળાબખાની,પારવતીજાનકીમાહારાની;
કૃષ્ણાવતી મીલી સાતો સોહાઇ,
યહ અલોકીક રૂપ મહાઇ. છંદ.
મહા અલૌકીક અગ્નો કુળ સબ, અલૌકીક અષ્ટછાપહ
અલૌકીકસબ ભક્ત જનકો, શરણ લીને આપહે.
યથા મતી કછુ બરની આઇ, જાનીયો યહ દાસહે,
શ્રી દ્વારકેશ નીરોધ માંગે, અહી કળકે આસહે. ૨૨

ઇતી શ્રી મુળ પુરૂષ સંપુર્ણ.

જાહેર ખબર.

[illegible] માટે [illegible] પુસ્તકો [illegible]

[illegible]	૦—૨—૦
[illegible]	૦—૩—૦
[illegible]	૦—૩—૦
[illegible]	૦—૩—૦
[illegible]	૦—૮—૦
[illegible] વગેરેની ટીકા.	૦—૬—૦
[illegible]	૦—૮—૦
[illegible]	૦—૪—૦